**Extra No. 40**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] FRIDAY, JANUARY 16, 2026 / PAUSHA 27, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીકેએચ/૧૯૦/૨૦૨૫/એસીડી/કેએસએમ/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૪૧૧૦/ક.૧. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Administrative Officer, class I, in the general state service, under the Directorate of Agriculture, Gujarat State, Recruitment Rules, 2025**

**ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીકેએચ/૧૯૦/૨૦૨૫/એસીડી/કેએસએમ/ઈ-ફાઇલ/૨/૨૦૨૩/૪૧૧૦/ક.૧:-** ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ-૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે.

૧. (૧) આ નિયમો, ખેતી નિયામકની કચેરી હેઠળ વહીવટી અધિકારી, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ-૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વહીવટી અધિકારી, વર્ગ-૨ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા" નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા- ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત સચિવાલય સેવામાં, ઉપસચિવ, વર્ગ ૧-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે હંગામી બદલીથી કરવી જોઇશે;

(ગ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકુર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજા કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે.

(ગ) (૧) ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પર આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં/સ્થાનિક મંડળો/સરકારી અન્ડરટેકિંગ/બોર્ડ/કોર્પોરેશન/ કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની/યુનિવર્સિટી/રજિસ્ટર થયેલ બિન-સરકારી સંસ્થામાં વહીવટી ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦-ની જોગવાઇઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ભૂપત ચૌહાણ,**

સરકારના ઉપસચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.16 10:05:56 IST